રજીસ્ટ્રેશન પહોંચ

15

પહોંચ નંબર:	2014308001796	દસ્તાવેજ નંબર:	918	દસ્તાવેજ વર્ષ:	2014

તા: 6 માહે: ફેબ્રુઆરી સને: 2014

દસ્તાવેજનો પ્રકાર માલિકી ફેરખત/વેચાણ અવેજ Rs. 11500000.00

રજુ કરનારનું નામ રામસંગ ગોકળજી ઠાકોર

નીચે પ્રમાણે ફી પહોંચી

	રૂ. પૈસા
રજીસ્ટ્રેશન ફી	115000
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો	650
ચેરોની નકલ કરવા માટે ફી	
ટપાલ ખર્ચ	
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)	0
શોધ અગર તપાસણી	
દંડ કલમ-૨૫	
કલમ-૩૪ (કલમ-૫૭)	
નકલ ફી ફોલીયો	
ઈન્ડેક્ષ-૨ ફી	
આ સિવાયની બાબતોની ફી	

કુલ એકંદરે રૂ.	115650

અંકે રૂપીયા એકલાખ પંદર હજાર છસો પચાસ પુરા.

દસ્તાવેજ .... ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં .... આવશે.
નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.
ઠાકોરવાસ,જગતપુર,તા.અમદાવાદ,જી.અમદાવાદ

(PRITIBEN NITINKUMAR SHAH)
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૮ સોલા

અગર ________ ને આપશો
રજુ કરનારની સહી

IGR-NIC(G) 1009948092364613181 6/2/2014 12:49:24 pm

9879719864

25

1918

54

918/2014

SCAN OK

રૂ. 5,63,500/-

AHD-[illegible]-SLA
918
2014 54

[redacted]

THE SEAL OF R[illegible] ... AHMEDABAD-8 (SOLA)

Serial No. 4151 Date 6/2/14
Name [illegible] & Devam, Jagatpur
Address ...
Value Rs. 563500/-
(Words) five lakh sixty three thousand five hundred only
The Kalupur Com. Co-op. Bank Ltd.
Licence No. GUJ/SOS/AUTH/AV/15/2005
Sign.: ...

THE KALUPUR COMMERCIAL CO-OP BANK LTD. SATELLITE ROAD AHMEDABAD
GUJ/SOS/AUTH/AV/15/2005

भारत INDIA STAMP DUTY
Rs 0563500
363098
SPECIAL ADHESIVE
ગુજરાત GUJARAT
3858 6743461

વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) ના તાલુકા અમદાવાદ શહેર-પશ્ચિમના ગામ મોજે જગતપુર ના

[illegible]

:: ૨ :: AHD-GC-SLA 918 | 2 | 54 2014

સર્વે નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૬૫(ત્રાગડ-જગતપુર-ચાંદખેડા-ચેનપુર-રાણીપ)(રીવાઈઝડ) માં ફાઈનલ પ્લોટ નંબર-૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન ફાળવવામાં આવેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટ નંબરની બીનખેતી થયેલી જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા.૧,૧૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ પંદર લાખ પુરાનો.

એકતરફવાળા

વેચાણ આપનાર :-

(૧) શ્રી રામસંગ ગોકળજી ઠાકોર,
ઉંમર આશરે વર્ષ-૫૯, ધંધો-ખેતી,
(PAN:- AKGPT2809J),

(૨) કાળીબેન ઉર્ફે વિમુબેન તે ગોકળજી ડાહયાજી ઠાકોરના દીકરી તે લક્ષ્મણજી ઉર્ફે લખાજી ગલાબજી ઠાકોરના સીધવા પત્ની,
ઉંમર આશરે વર્ષ-૫૬, ધંધો-ખેતી તથા ઘરકામ,
(PAN:- AUYPT4631N),
રહેવાસી-નિશાળ પાસેનુ મુવાડુ, ગામ વડોદરા, તાલુકો-જીલ્લો-ગાંધીનગર-૩૮૨૩૫૫.

(૩) શ્રી બાબુજી વરવાજી ઠાકોર,
ઉંમર આશરે વર્ષ-૬૩, ધંધો-ખેતી,
(PAN:- AIFPT6188D),

(૪) શ્રી મફાજી ગોકળજી ઠાકોર,
ઉંમર આશરે વર્ષ-૪૪, ધંધો-ખેતી,
(PAN:- AQXPT0253D),

(૫) જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની,
ઉંમર આશરે વર્ષ-૫૨, ધંધો-ખેતી તથા ઘરકામ,
(PAN:- AURPT1989J),

બાબુજી વરવાજી ઠાકોર H.S.Thakor

AHD-03-SLA
918 | 3 | 54
:: ૩ :: 2014

(૬) સજનબેન અમરસંગ ગાકળજી ઠાકોરના દીકરી તે સુરેશજી છનાજી ઠાકોરના સીધવા પત્ની,
ઉંમર આશરે વર્ષ–૩૦, ધંધો–ખેતી તથા ઘરકામ,
(PAN:- AURPT1833B),
રહેવાસી–ગામ શીલજ, તાલુકો દસક્રોઈ, જીલ્લો–અમદાવાદ.

(૭) શ્રી ભરતજી અમરસંગ ઠાકોર,
ઉંમર આશરે વર્ષ–૨૮, ધંધો–ખેતી, તથા
(PAN:- AKIPT2623C),

(૮) શ્રી અશોકજી અમરસંગ ઠાકોર,
ઉંમર આશરે વર્ષ–૨૪, ધંધો–ખેતી,
(PAN:- AKIPT2622D),
સર્વે પોતે જાતે તથા (જયાં લાગુ પડતુ હોય ત્યાં) પોતપોતાના હીન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર તરીકે,
નંબર–૧, ૩ થી ૫, ૭ તથા ૮ સર્વે રહેવાસી–ઠાકોરવાસ, જગતપુર, તાલુકો–અમદાવાદ શહેર–પશ્ચિમ, જીલ્લો–અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમા "અમો", "એકતરફવાળા" અગર "વેચાણ આપનાર", એ રીતે સંબોધવામાં આવેલા છે, જેના અર્થમા સદરહુ "વેચાણ આપનાર" તથા તેમના વંશવાલી વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

બીજીતરફવાળા
------------ :- "મનશ્રી બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢી,
વેચાણ રાખનાર ઠેકાણુ–"દેવમ", ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ

AHM-GS-SOLA
918 4 | 54

:: ૪ ::

સ્કુલની બાજૂમાં, જગતપુર, અમદાવાદ છે, જેનો PAN:- AAXFM8399Mછે.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો", "બીજીતરફવાળા" અગર "વેચાણ રાખનાર", એ રીતે સંબોધવામા આવેલા છે, જેના અર્થમા સદરહુ "વેચાણ રાખનાર" ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતોવખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, સકસેસરો, એસાઈનીઓ, એજન્ટો, ટ્રાન્સફરીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, વિગેરે તમામનો સમાવેશ થાય છે.

<u>જત</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૮(સોલા) ના તાલુકા અમદાવાદ શહેર–પશ્ચિમના ગામ મોજે જગતપુરના સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫(ત્રાગડ–જગતપુર–ચાંદખેડા–ચેનપુર–રાણીપ)(રીવાઈઝડ) માં ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન ફાળવવામાં આવેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટ નંબરની બીનખેતી થયેલી જમીન અમો એકતરફવાળાઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત જમીન છે.

મોજે ઘાટલોડીયાના સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન અમારી માલીકીની તથા કબજા ભોગવટાની જમીન હોઈને ગામના નમુના નંબર–૭/૧૨ વિગેરે સરકારી રેકર્ડમાં અમારા નામે ચાલે છે. આ જમીનનો ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫(ત્રાગડ–જગતપુર–ચાંદખેડા–ચેનપુર– રાણીપ)(રીવાઈઝડ) માં સમાવેશ થતા આ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનને ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીન ફાળવવામાંઆવેલ છે, આ ફાઈનલ પ્લોટની જમીન આ મહદ અંશે આજ સર્વે નંબરની જમીન ઉપર ફાળવાયેલી છે અને થોડીક જમીન પાડોશના સર્વે નંબરમાથી મળનારી છે. તે ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની

AHD-08-SLA
918 | 5 | 54
2014

૧૭૩૧ ચોરસમીટરની બીનખેતી થયેલી જમીન અમો એકતરફવાળા આ વેચાણ દસ્તાવેજથી તમો બીજીતરફવાળાને વેચાણ આપીએ છીએ. પરંતુ ૭/૧૨ માંથી તથા સરકારી રેકર્ડમાંથી અમો વેચાણ આપનારાના નામો જમીનના કબજેદાર તરીકે કમી થાય તે હેતુથી હવે ભવિષ્યમાં ટી. પી. સ્કીમના અમલીકરણથી સર્વે નંબર અસ્તિત્વમા રહેવાના ના હોવા છતાં સર્વે નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીન પણ અમે તમને આ વેચાણ દસ્તાવેજથી વેચી હોવાનુ ગણવાનુ છે અને સર્વે નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનના ૭/૧૨ માં જમીનના કબજેદાર તરીકે અમારૂ નામ કમી અમારૂ નામ કમી કરાવીને તમારૂ નામ દાખલ કરાવવાનુ છે. ઉપર વર્ણવેલી સર્વે નંબરની ૨૮૮૬ ચોરસમીટર તથા ફાઈનલ પ્લોટની ૧૭૩૧ ચોરસમીટર જમીનને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''સદરહુ જમીન'' એ રીતે સંબોધવામાં આવેલી છે.

આ મુળ સર્વે નંબર-૧૩ ની એકર ૩-૦૫ ગુંઠા જમીન સને ૧૯૬૬ ના અરસામાં કરશનજી હરીજીની આગવી માલીકી અને કબજા ભોગવટામાં આવેલી જમીન હતી. કરશનજી હરીજી વૃધ્ધ ઉંમરના હોઈ અને તેમની સાથે તેમના પૌત્ર ગોકળજી ડાહયાજી કામકાજ કરતા હોવાથી તેમનુ નામ સામાઈક ભાગીદાર તરીકે ૭/૧૨ માં દાખલ કરવામાં આવેલુ. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૭-૦૬-૧૯૬૬ ના રોજ એન્ટ્રી નંબર-૪૭૦ પાડવામાં આવેલી.

ત્યારબાદ કરશનજી હરીજીનુ આશરે સને ૧૯૬૭ ના અરસામાં બીનવસીયતે અવસાન થયેલુ. તેથી તેમના વારસદારો તરીકે વરવાજી કરશનજી, સોનીબેન કરશનજી, પાલીબેન કરશનજી, કાશીબેન કરશનજી તથા ડાહયાજી કરશનજી (મૈયત)ના વારસદારો-ગોકળજી ડાહયાજી, બુધાજી ડાહયાજી, ડહિબેન ડાહયાજી તથા શનુબેન ડાહયાજીના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા. કરશનજી હરીજીને તે શિવાય અન્ય કોઈ વંશવાલી, વારસો નહતા અને નથી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૦-૦૬-૧૯૬૮ ના રોજ એન્ટ્રી નંબર-૫૦૨ પાડવામાં આવેલી.

તાલુકા દસક્રોઈના ગામ જગતપુરમાં એકત્રીકરણ યોજનાને સેટલમેન્ટ કમિશ્નર અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડસ, ગુજરાત રાજય, અમદાવાદે

AHD-08-SLA
918 | 6 | 54
2014

હૂકમ નંબર–કોન/અમ/૨૩૦ થી મંજુર કરેલી. તેની પ્રસિધ્ધી ગુજરાત રાજયના ગેઝેટના તારીખ ૨૩–૦૨–૧૯૬૭ ના ભાગ પહેલાના પાન નંબર–૧૧૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલી. તે યોજના મુજબ નવુ રેકર્ડ લખવા માટે નોંધ કરવામાં આવેલી તથા સદરહુ સર્વે નંબર–૧૩ ની જમીનને બ્લોક નંબર–૧૫ ફાળવવામાં આવેલો અને તેના ખાતેદાર તરીકે કરશનજી હરીજીનુ નામ ચાલતુ હતુ. તે અંગે સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૩–૦૩–૧૯૬૯ ના રોજ એન્ટ્રી નંબર–૫૧૫ થી પાડવામાં આવેલી.

ત્યારબાદ ગોકળજી ડાહયાજીનુ આશરે સને ૧૯૭૨ ના અરસામાં બીનવસીયતે અવસાન થયેલુ. તેથી તેમના વારસદારો તરીકે રામસંગજી ગોકળજી, અમરસંગ ગોકળજી, કાળાજી ગોકળજી, સગીર કાળીબેન ગોકળજી તથા સંતોકબેન તે ગોકળજી ડાહયાજીના વિધવા પત્ની પોતે જાતે તથા સગીરના વાલી તરીકેના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા. ગોકળજી ડાહયાજીને તે શિવાય અન્ય કોઈ વંશવાલી, વારસો નહતા અને નથી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૦–૦૫–૧૯૭૩ ના રોજ એન્ટ્રી નંબર–૫૮૪ પાડવામાં આવેલી.

ત્યારબાદ સોનીબેન તે કરશનજી હરીજીના દીકરી, પાલીબેન તે કરશનજી હરીજીના દીકરી તથા કાશીબેન તે કરશનજી હરીજીના દીકરીએ બ્લોક નંબર–૧૫ ની જમીનમાંનો તેમનો લાગભાગ, હકક, હીત, હીસ્સો જતો કરેલો હોઈ તેમના નામો રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલા. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૬–૦૨–૧૯૭૭ ના રોજ એન્ટ્રી નંબર–૭૨૪ પાડવામાં આવેલી.

ત્યારબાદ ડહીબેન તે ડાહયાજી કરશનજીના દીકરી તથા શનુબેન તે ડાહયાજી કરશનજીના દીકરીએ બ્લોક નંબર–૧૫ ની જમીનમાંનો તેમનો લાગભાગ, હકક, હીત, હીસ્સો જતો કરેલો હોઈ તેમના નામો રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલા. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૬–૦૨–૧૯૭૭ ના રોજ એન્ટ્રી નંબર–૭૨૫ પાડવામાં આવેલી.

ત્યારબાદ વરવાજી કરશનજીનુ તારીખ ૨૧–૦૧–૧૯૮૬ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. તેથી તેમના વારસદારો તરીકે બાબુજી

બાબુજી વરવાજી ઠાકોર HS Thakor

AHD-08-SLA
918 | 7 | 54
2014

વરવાજી, બાબુજી સવધાનજી, રમેશભાઈ સવધાનજી, સગીર જગદીશ સવધાનજી, સગીર જોઈતાજી સવધાનજી, કલીબેન સવધાનજી, કુશકીબેન તે સવધાનજી વરવાજીના વિધવા પત્ની, સમજુબેન તે વરવાજી કરશનજીના વિધવા પત્ની તથા સોમીબેન વરવાજી સગીરોના વાલી તરીકે કુશકીબેન તે સવધાનજી વરવાજીના વિધવા પત્નીના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા. વરવાજી કરશનજીને તે શિવાય અન્ય કોઈ વંશવાલી, વારસો નહતા અને નથી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૨–૦૨–૧૯૮૬ ના રોજ એન્ટ્રી નંબર–૮૯૫ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ ની જમીન બુધાજી ડાહયજીએ ત્રાગડ સેવા સહકારી મંડળી લીમીટેડના તારણમા મુકી તેના ઉપર લોન લીધેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૨–૦૮–૧૯૯૬ ના રોજ એન્ટ્રી નંબર–૧૦૪૭ થી તારણની નોંધ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ પૈકીની ૪૨૧૫ ચોરસમીટર જમીન બાબુભાઈ સવધાનજી, રમેશભાઈ સવધાનજી, જગદીશભાઈ સવધાનજી, જોઈતાજી સવધાનજી, કાળીબેન સવધાનજી, કુશકીબેન તે સવધાનજી વરવાજીના વિધવા પત્ની તથા સોમીબેન વરવાજીએ તારીખ ૦૬–૧૧–૨૦૦૪ ના રોજના વેચાણ દસ્તાવેજથી નાનુબેન તે ઘેલાભાઈ દેવાભાઈના દીકરી તે ખેંગારભાઈ સેંધાભાઈના પત્નીને વેચાણ આપેલી, જે વેચાણ દસ્તાવેજ અમદાવાદના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નંબર–૭૦૫૨ ઉપર નોંધાવવામાં આવેલો. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૬–૧૧–૨૦૦૪ ના રોજ એન્ટ્રી નંબર–૧૪૩૮ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ ની જમીન સામે લીધેલી લોન બુધાજી ડાહયજીએ ત્રાગડ સેવા સહકારી મંડળી લીમીટેડમાં વ્યાજ સહીત ભરપાઈ કરી દીધેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૯–૧૨–૨૦૦૫ ના રોજ એન્ટ્રી નંબર–૧૪૯૫ થી તારણ મુકિતની નોંધ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ ની જમીનના જમીનમાલીકો પૈકી કાળાજી

AHD-08-SLA
918 | 8 | 54

ગોકળજી ઠાકોરે તેમનુ નામ બદલીને મફાજી ગોકળજી ઠાકોર સુધાર માટે ગુજરાત ગર્વમેન્ટના ગેઝેટ પાર્ટ–૨ તારીખ ૧૮–૦૫–૨૦૦૬ ના રોજના ગેઝેટની નકલ આપતા નામફેરની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરવામાં આવેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૩૧–૦૮–૨૦૦૬ ના રોજ એન્ટ્રી નંબર–૧૫૮૮ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ પૈકી ૪૨૧૫ ચોરસમીટર જમીન નાનુબેન તે ઘેલાભાઈ દેવાભાઈના દીકરી તે ખેંગારભાઈ સેંધાભાઈના પત્નીએ તારીખ ૨૬–૧૨–૨૦૦૬ ના રોજના વેચાણ દસ્તાવેજથી જગદીશભાઈ નાનુભાઈ પટેલ તથા પરસોતમભાઈ શંકરલાલ પટેલને વેચાણ આપેલી, જે વેચાણ દસ્તાવેજ અમદાવાદના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નંબર–૧૪૮૩૫ ઉપર નોંધાવવામાં આવેલો. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૮–૦૨–૨૦૦૭ ના રોજ એન્ટ્રી નંબર–૧૬૧૯ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ પૈકી ૪૨૧૫ ચોરસમીટર જમીન જગદીશભાઈ નાનુભાઈ પટેલ તથા પરસોતમભાઈ શંકરલાલ પટેલે તારીખ ૨૨–૦૬–૨૦૦૭ ના રોજના વેચાણ દસ્તાવેજથી ચેતના મુકેશભાઈ પટેલને વેચાણ આપેલી, જે વેચાણ દસ્તાવેજ અમદાવાદના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નંબર–૭૭૯૬ ઉપર નોંધાવવામાં આવેલો. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૯–૦૭–૨૦૦૭ ના રોજ એન્ટ્રી નંબર–૧૬૬૦ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ પૈકી ૪૨૧૫ ચોરસમીટર જમીનમા રહેણાંકના હેતુ સારૂ બીનખેતીના વપરાશની મંજૂરી કલેકટર સાહેબશ્રી, અમદાવાદના તારીખ ૧૯–૦૯–૨૦૦૯ ના રોજના હુકમ નંબર–એન.એ./તબીખે/ક.૬૫/જગતપુર/એસ.આર.નં.૨૪૫/૨૦૦૯ થી આપેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૨–૦૧–૨૦૧૦ ના રોજ એન્ટ્રી નંબર–૧૯૦૬ પાડવામાં આવેલી.

ત્યારબાદ બ્લોક નંબર–૧૫ ની ૧૨૬૪૬ ચોરસમીટર જમીનનુ અલગ–અલગ ત્રણ હીસ્સામાં વિભાજન કરવાનો હુકમ નાયબ કલેકટર,

AHD-08-SLA
918 | 9 | 54
2014

વિરમગામ પ્રાંત સાહેબ, અમદાવાદનાએ તારીખ ૩૧-૦૭-૨૦૧૦ ના રોજ હુકમ નંબર-એડીએમ/જગતપુર/બ્લોક વિભાજન/એસ.આર-૩૧૧/૧૦ કરેલો. તે વિભાજન મુજબ બ્લોક નંબર-૧૫ પૈકીની ૪૨૧૫ ચોરસમીટર જમીન ચેતના મુકેશભાઈ પટેલના હીસ્સે, ૮૪૩૧ ચોરસમીટર જમીન બુધાજી ડાહયાજીના હીસ્સે તથા ૫૬૨૧ ચોરસમીટર જમીન રામસંગજી ગોકળજી વિગેરેના હીસ્સે આવેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૨-૦૮-૨૦૧૦ ના રોજ એન્ટ્રી નંબર-૧૯૯૬ પાડવામાં આવેલી. સદર નોંધ રદ્દ થયેલી. તે અંગે ફરીવાર રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૦-૦૮-૨૦૧૦ ના રોજ એન્ટ્રી નંબર-૨૦૦૫ પાડવામાં આવેલી. જે પ્રમાણીત થયેલી.

ત્યારબાદ ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેવન્યુ સાહેબ, અમદાવાદનાએ તેમના તારીખ ૦૭-૦૯-૨૦૧૦ ના રોજના હુકમ નંબર-ડી.આર.કે./ દરસ્તી પત્રક/૧૦ થી કે.જે.પી. દુ.પ. નંબર-૨૯ ભરાઈ આવતા બ્લોક નંબર-૧૫ ની જમીનની દુરસ્તી કરવામાં આવેલી. તે દુરસ્તી મુજબ બ્લોક નંબર-૧૫/અ ની ૫૬૨૧ ચોરસમીટર જમીન રામસંગજી ગોકળજી, અમરસંગ ગોકળજી, કાળીબેન ગોકળજી, બાબુજી વરવાજી, મફતજી ગોકળજીના હીસ્સે, બ્લોક નંબર-૧૫/બ ની ૨૮૧૦ ચોરસમીટર જમીન બુધાજી ડાહયાજી તથા બ્લોક નંબર-૧૫/ક ની ૪૨૧૫ ચોરસમીટર જમીન ચેતના મુકેશભાઈ પટેલના હીસ્સે આવેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૯-૦૯-૨૦૧૦ ના રોજ એન્ટ્રી નંબર-૨૦૧૧ પાડવામાં આવેલી.

ત્યારબાદ ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેવન્યુ સાહેબ, અમદાવાદનાએ તેમના તારીખ ૧૬/૧૮-૦૯-૨૦૧૦ ના રોજના હુકમ નંબર-ડી.એસ.ઓ./ ડી.આર.કે./રેલ્વે દુરસ્તી/૨૦૧૦ થી કે.જે. પી. દુ. પ. નંબર-૩૦ ભરાઈ આવતા બ્લોક નંબર-૧૫/અ ની જમીનની દુરસ્તી કરવામાં આવેલી. તે દુરસ્તી મુજબ બ્લોક નંબર-૧૫/અ/૧ ની ૨૭૩૫ ચોરસમીટર જમીન ખરાબામાં ગણેલી અને બ્લોક નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીન જરાયતમાં લીધેલી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૮-૦૯-૨૦૧૦ ના રોજ એન્ટ્રી નંબર-૨૦૧૭ પાડવામાં આવેલી. તે રીતે બ્લોક નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનનો અલગ ૭ અને ૧૨ તૈયાર કરવામા આવેલો.

AHD-08-SLA
918 | 10 | 54
2014

સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક–પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧, તારીખ ૧૭–૦૩–૨૦૧૨ થી અમદાવાદના જિલ્લાના સીટી અને દસક્રોઈ તાલુકાનુ પુનઃગઠન કરીને અમદાવાદ જિલ્લાના નવા બે તાલુકા અમદાવાદ (પૂર્વ) તથા અમદાવાદ (પશ્ચિમ) ની રચના કરવામાં આવેલી. તે મુજબ દસક્રોઈ તાલુકાનુ જગતપુર ગામ અમદાવાદ સીટી (પશ્ચિમ) તાલુકામાં દાખલ કરવામાં આવેલુ. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૩–૦૫–૨૦૧૨ ના રોજ એન્ટ્રી નંબર–૨૨૧૬ પાડવામાં આવેલી.

ત્યારબાદ અમરસંગ ગોકળજીનુ તારીખ ૧૩–૦૫–૨૦૧૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. તેથી તેમના વારસદારો તરીકે જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની, સજનબેન અમરસંગ ઠાકોર, ભરતજી અમરસંગ ઠાકોર તથા અશોકજી અમરસંગ ઠાકરોના નામો બ્લોક નંબર–૧૫/અ/૨ ની જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા. અમરસંગ ગોકળજીને તે શિવાય અન્ય કોઈ વંશવાલી, વારસો નહતા અને નથી. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ૦૭–૦૮–૨૦૧૨ ના રોજ એન્ટ્રી નંબર–૨૨૫૮ પાડવામાં આવેલી.

સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડની તારીખ ૧૦–૦૫–૧૯૭૩ ના રોજની વારસાઈની નોંધ નંબર–૫૮૪ થી અમારા વડીલ સંતોકબેન ગોકળજી ડાહયાજીના વિધવા પત્નીનુ નામ તથા તારીખ ૨૨–૦૨–૧૯૮૬ ના રોજની વારસાઈની નોંધ નંબર–૮૯૫ થી અમારા વડીલ સમજુબેન તે વરવાજી કરશનજીના વિધવા પત્નીનુ નામ દાખલ થયેલુ. ત્યારબાદ તે બંનેનુ બીનવસીયતે અવસાન થયેલુ. પરંતુ તે અંગે તેમાના નામ કમીની રેવન્યુ રેકર્ડમાં કોઈજ નોંધ પાડવામાં આવેલી નથી. તેમ છતા હાલ તેઓના નામો રેવન્યુ રેકર્ડમાં કે સદરહુ જમીનના ૭/૧૨ માં ચાલતા નથી/દાખલ થયેલા નથી. તે અંગે ભવિષ્યમાં નોંધ પડાવવાની જરૂર પડશે તો તે અમોએ અમારા ખર્ચે અને જવાબદારીએ પડાવી આપવાની છે તથા પડાવી આપીશુ તેની ખરીદનારને તથા અમો આથી લાગતાવળગતા તમામને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપીએ છીએ.

ગામ મોજે જગતપુરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલમાં આવતા સદરહુ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનને ડ્રાફ્ટ ટાઉન

AHD-08-SLA
918 11 54

પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫(ત્રાગડ–જગતપુર–ચાંદખેડા–ચેનપુર–રાણીપ) (રીવાઇઝડ) માં ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ આપવામાં આવેલો છે તથા તેનુ ક્ષેત્રફળ ૧૭૩૧ ચોરસમીટર નકકી કરવામાં આવેલુ છે.

સદરહુ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીન જેના ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીન ઉપરના તગાવી તારણ, મંડળીના તારણો તથા બેંકના તારણો વિગેરે તમામ તારણો અમોએ વ્યાજ સહીત ભરપાઈ કરી દીધેલા છે. હવે કોઈજ તારણ સદરહુ જમીન ઉપર બાકી નથી. આમ સદરહુ જમીન સંપુર્ણ બોજા મુકત બનેલી છે. તેમ છતા ભવિષ્યમાં આવા જો કોઈપણ તારણો બાકી જણાઈ આવે તો તે તારણો વ્યાજ સહતી ભરપાઈ કરી આપવાની જવાબદારી અમો એકતરફવાળાની છે અને રહેશે તેની અમો આથી તમો બીજીતરફવાળાને તથા તમારા ટ્રાન્સફરીઓને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપીએ છીએ.

સદરહુ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીન જેના ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીનમાં રહેણાંક તથા વાણિજયના હેતુ સારૂ બીનખેતીનો વપરાશ કરવાની મંજુરી (એન.એ. પરમીશન) કલેકટર, અમદાવાદનાએ તેમના તારીખ ૧૭–૦૧–૨૦૧૪ ના રોજના હુકમ નંબર–સીબી/LAND-2/એનએ/એસઆર–1,010/2013 થી આપેલી છે, જે હાલમાં ચાલુ અને અમલમાં છે. તે અંગે સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં જરૂરી ફેરફાર નોંધ પડાવી લેવાની રહેશે.

આમ ત્યારથી તે રીતે સદરહુ સર્વે નંબર–૧૫/અ/૨ ની જમીન જેનો સમાવેશ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫ (ત્રાગડ–જગતપુર–ચાંદખેડા–ચેનપુર–રાણીપ)(રીવાઇઝડ) માં થતા ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટરનો ફાળવેલ છે તે જુની શરતની ખેતીની જમીન અમારી માલીકીની છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટની જમીનના અમો એકતરફવાળા સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીક અને કબજા ભોગવટેદાર

AHD-CS-SLA
918 | 12 | 54
2014

છીએ. આ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનને ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીન મળેલી છે, તે જમીન અમો તમોને વેચાણ આપીએ છીએ. ટી. પી. સ્કીમ અમલમાં આવતા હવે સર્વે નંબરની જમીનનુ અલગ અસ્તિત્વ રહેલુ નથી અને ટી. પી. માં કપાત થયેલી (યાને સર્વે નંબર અને ફાઈનલ પ્લોટના ક્ષેત્રફળમાં પડતા તફાવતવાળી જમીન) જમીન અમારી માલીકીમાં રહી નથી. પરંતુ ગામની જમીનોનુ રેવન્યુ રેકર્ડ ટી. પી. સ્કીમના રેકર્ડ મુજબ હજી લખાયુ/સુધારાયેલુ ન હોવાથી હાલના ગામના નમુના નંબર–૭/૧૨ માં ફાઈનલ પ્લોટનો ઉલ્લેખ કરાયો નથી તેમજ જમીનનુ ક્ષેત્રફળ ટી. પી. સ્કીમ મુજબના ફાઈનલ પ્લોટના રેકર્ડ સાથે સુસંગત કરાયેલુ ના હોઈને માત્ર પેપર ઉપર રેવન્યુ રેકર્ડમાં જયાં સુધી ટી. પી. સ્કીમનુ રેકર્ડ લખાય નહિ ત્યાં સુધી અમારૂ નામ ચાલુ રહે. જેથી તમો વેચાણ લેનારના હકકમાં વિસંગતતા ના સર્જાય તે હેતુથી આ લેખના આધારે સર્વે નંબર–૧૫/અ/૨ ના ગામના નમુના નંબર–૭/૧૨ માં દર્શાવેલા ૨૮૮૬ ચોરસમીટર જમીનના કુલ ક્ષેત્રફળના માલીક કબજેદાર તરીકે ચાલતુ અમારૂ નામ કમી કરાવી તમો બીજીતરફવાળા તમારૂ નામ આ વેચાણ દસ્તાવેજ પછી ચઢાવડાવી શકો છો.

આમ તે રીતે સદરહુ સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫(ત્રાગડ–જગતપુર– ચાંદખેડા–ચેનપુર– રાણીપ)(રીવાઈઝડ) માં ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર મળી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટની બીનખેતી થયેલી જમીનના અમો એકતરફવાળા સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીક અને કબજા ભોગવટેદાર છીએ.

સદરહુ જમીન ખરીદવા સારૂ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાઓનો સંપર્ક કરેલો અને વાટાઘાટો બાદ આપણે પક્ષકારો વચ્ચે નકકી થયા મુજબ સદરહુ જમીન અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને ઉચ્ચક કુલ રૂા.૧,૧૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક કરોડ પંદર લાખ પુરામાં આજરોજ આ વેચાણ દસ્તાવેજથી તમારી પાસેથી નીચેની વિગતે વેચાણ કિંમત સ્વીકારી વેચાણ આપીએ છીએ. સદરહુ જમીનની વેચાણ કિંમત તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાની સુચના અને સંમતી અનુસાર તમો બીજીતરફવાળાએ કાલુપુર કોર્મશીયલ કો–ઓપરેટીવ બેંકની સેટેલાઈટ શાખા,

બાનુ જા. વરલાજી, ઠાકોર

:: ૧૩ AHD-08-SLA 918 | 13 | 54 2014

અમદાવાદના ચેકોથી નીચેની વિગતે ચુકવેલી છે.

અવેજની વિગત

ક્રમ	ચેક સ્વીકારનારનુ નામ	ચેકની તારીખ	ચેકનો નંબર	રકમ (રૂપીયા)
(૧)	રામસંગ ગોકળજી ઠાકોર	૨૧-૦૧-૧૪	૪૩૫૭૩૭	૯,૧૦,૮૦૦/-
(૨)	મફાજી ગોકળજી ઠાકોર	૨૧-૦૧-૧૪	૪૩૫૭૩૮	૯,૧૦,૮૦૦/-
(૩)	બાબુજી વરવાજી ઠાકોર	૨૧-૦૧-૧૪	૪૩૫૭૩૯	૯,૧૦,૮૦૦/-
(૪)	જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની	૨૧-૦૧-૧૪	૪૩૫૭૪૦	૨,૨૭,૭૦૦/-
(૫)	સજનબેન અમરસંગ ગાકળજી ઠાકોરના દીકરી તે સુરેશજી છનાજી ઠાકોરના સીધવા પત્ની	૨૧-૦૧-૧૪	૪૩૫૭૪૧	૨,૨૭,૭૦૦/-
(૬)	અશોકજી અમરસંગ ઠાકોર	૨૧-૦૧-૧૪	૪૩૫૭૪૩	૨,૨૭,૭૦૦/-
(૭)	ભરતજી અમરસંગ ઠાકોર	૨૧-૦૧-૧૪	૪૩૫૭૪૪	૨,૨૭,૭૦૦/-
(૮)	રામસંગ ગોકળજી ઠાકોર	૨૯-૦૧-૧૪	૪૩૫૭૪૫	૧૩,૬૬,૨૦૦/-
(૯)	મફાજી ગોકળજી ઠાકોર	૨૯-૦૧-૧૪	૪૩૫૭૪૬	૧૩,૬૬,૨૦૦/-
(૧૦)	બાબુજી વરવાજી ઠાકોર	૨૯-૦૧-૧૪	૪૩૫૭૪૭	૧૩,૬૬,૨૦૦/-
(૧૧)	જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની	૨૯-૦૧-૧૪	૪૩૫૭૪૮	૩,૪૧,૫૫૦/-
(૧૨)	સજનબેન અમરસંગ ગાકળજી ઠાકોરના દીકરી તે સુરેશજી છનાજી ઠાકોરના સીધવા પત્ની	૨૯-૦૧-૧૪	૪૩૫૭૪૯	૩,૪૧,૫૫૦/-
(૧૩)	અશોકજી અમરસંગ ઠાકોર	૨૯-૦૧-૧૪	૪૩૫૭૫૦	૩,૪૧,૫૫૦/-
(૧૪)	ભરતજી અમરસંગ ઠાકોર	૨૯-૦૧-૧૪	૪૩૫૭૫૧	૩,૪૧,૫૫૦/-
(૧૫)	કાળીબેન ઉર્ફે વિમુબેન તે ગોકળજી ડાહયાજી ઠાકોરના દીકરી તે લક્ષ્મણજી ઉર્ફે લખાજી ગલાબજી ઠાકોરના સીધવા પત્ની	૨૯-૦૧-૧૪	૪૩૫૭૫૨	૨૨,૭૭,૦૦૦/-
(૧૬)	તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચુકવવાની સદરહુ જમીનની કુલ વેચાણ કિંમત ઉપર ઈન્કમટેક્ષ કાયદા મુજબ ટી.ડી.એસ.ની રકમ કાપીને તમોએ અમારા વતી સરકારશ્રીમાં જમા કરાવવાની છે, જે રૂા.૧,૧૫,૦૦૦/- ની રકમ અમોને મળ્યા બરોબર છે, જે રકમ આ વેચાણ દસ્તાવેજની વેચાણ કિંમતમાં અમોએ મજરે ગણેલી છે.			૧,૧૫,૦૦૦/-

કુલ : રૂા.૧,૧૫,૦૦,૦૦૦/-

બાબુજી વરવાજી ઠાકોર

AHD-08-SLA
918 | 14 | 54
2014

એ રીતેના કુલ અવેજના રૂા.૧,૧૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક કરોડ પંદર લાખ પુરા તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને અમારી સૂચના અનુસાર ઉપરોકત રીતે ચુકવ્યા છે, તે અમો તમામ એકતરફવાળાને પહોંચ્યા છે, જેની પહોંચ અમો તમામ એકતરફવાળા કબુલ કરીએ છીએ અને તમો બીજીતરફવાળાને તેની જવાબદારીમાંથી મુકત કરીએ છીએ અને તેના અવેજમાં સદરહુ જમીન જે નીચે પરિશિષ્ટમા વિગતવાર વર્ણવેલી છે, તે જમીન તથા તેમા આવેલ તમામ ઝાડ, પાન, બીડ, વાડ, વળગણી, ઢેફાં, કાટમાળ તેમજ ઈઝમેન્ટથી પ્રાપ્ત થયેલા હકકો તથા સદરહુ જમીનમાના હરેક પ્રકારના હકક, હિસ્સા, અલાખા, ઉપયોગ ઈત્યાદી સહીત વેચાણ આપનારાએ વેચાણ લેનારને વેચાણ આપી માલિકી હકકે શાંત,ખાલી અને પ્રત્યક્ષ કબજે સોંપી દીધેલી છે. આ ચુકવેલી રકમ અમો તમામ એકતરફવાળાએ અમારા પોતપોતાના હકક હિસ્સા અનુસાર તથા તે અંગે અમારી વચ્ચે અંદરો અંદર થયેલી સમજુતી અનુસાર વહેંચી લીધેલી છે/લેવાની છે. અમો એકતરફવાળા વચ્ચે સદરહુ વેચાણ કિંમતની વહેંચણી કરવાની બાબત સાથે તમો બીજીતરફવાળાને કોઈ નીસબત નહોતી કે નથી કે તમારી જવાબદારી નથી. તે અમારી આંતરીક બાબત છે. હવે આ જમીનમાં અમને કોઈને કોઈ પ્રકારનો હકક, હિત કે હિસ્સો સહેજ પણ રહયો નથી. ઉપરનો અવેજ તમોએ અમોને અમારી સૂચના અને માંગણી મુજબ તથા પરસ્પરની જાણકારીમા અને સંમતીમાં ચુકવેલો છે.

હવેથી સદરહુ નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીન વેચાણ લેનાર આકાશથી પાતાળ સુધી ચાંદો સુરજ તપે ત્યાં સુધીના માટે ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, ગીરો, બક્ષીસ આપે, યા તેમનુ દિલ ચાહે તેમ કરવા હકકદાર છે. તેમજ સદરહુ જમીનમાંથી જે કાંઈ રિધ્ધી સિધ્ધી ઉપલબ્ધ થાય તે વેચાણ લેનારના નસીબનુ છે અને તેમા વેચાણ આપનાર કે તેમના વંશવાલી વારસો ઈત્યાદીનો અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે હિત સંબંધ રહયા નથી. તેમજ સદરહુ જમીનમાંથી થઈને બીજા અન્ય કોઈને જવા આવવાનો કે વાહનો લાવવા લઈ જવાનો હકક નથી.

સદરહુ જમીનના અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ સરકારી, અર્ધસરકારી જેવા કે ગવર્નમેન્ટ ટેક્ષ, ગ્રામપંચાયતવેરો, મ્યુનિસીપલ ટેક્ષ, વિશેષધારો, શિક્ષણવેરો વિગેરે વેચાણ આપનારે ભર્યા છે અને આમ છતાં જો તે બાકી નીકળે તો તે ભરપાઈ કરવાની જવાબદારી વેચાણ આપનારની છે. હવે પછીના (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના) આવા તમામ

AHD-08-SLA
1918 | 15 | 54
2014

પ્રકારના વેરાઓ વિગેરે વેચાણ રાખનારે ભરવાના છે.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપે છે કે નીચે પરિશિષ્ટમા વર્ણવેલી વેચાણ આપેલી જમીનના સંબંધમા કોઈપણ પ્રકારના કાયદેસરના કરવાના કૃત્યો બાકી રાખ્યા નથી અને વેચાણ આપવામાં પ્રત્યવાય નડે તેવા વિરૂધ્ધના કોઈજ કૃત્યો કર્યા નથી.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી વધુ ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીન વેચાણ લેનારને હરેક પ્રકારના ઉપયોગ માટે વેચાણ આપવાનો વેચાણ આપનારને પુરતો હકક અને સંપુર્ણ અધિકાર છે અને જેથી તે પોતાના સંપુર્ણ હકક અને અધિકારથી વેચાણ લેનારને વેચાણ આપે છે. તથા સદરહુ જમીનમાં તમામ વપરાશના બાંધકામ માટેના પ્લાન પાસ થઈ શકશે તથા બાંધકામની મંજુરી મળી શકશે, તેની અમો તમોને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપીએ છીએ, અને અમારા તેવા ભરોંસે તમે આ જમીન પુરો અવેજ ચુકવીને ખરીદી છે.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીન અગર તેનો કોઈપણ ભાગ અમોએ આ આગાઉ અન્ય કોઈને ગીરો, બક્ષીસ, વેચાણ, ગેરન્ટી, સ્યોરીટી, બાનાખત, ટ્રાન્સફર કે ઈતર પ્રકારે લખી આપેલો નથી કે બીજી કોઈ રીતે ટ્રાન્સફર કરેલો નથી. તેમજ સદરહુ જમીન અગર તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો લેણાંનો કે કોઈપણ પ્રકારનો બોજો કે ચાર્જ નથી. તેમજ સદરહુ જમીન અગર તેના કોઈપણ ભાગ અંગે કોઈપણ કોર્ટ કે કચેરીમા કોઈપણ પ્રકારના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલતા નથી કે પેન્ડીંગ નથી. તથા તે અંગેની અમોને કોઈ નોટીસ કોર્ટથી બજી નથી. તેમજ કોઈપણ કોર્ટ કે કચેરી દ્વારા ટાંચમા કે અવલ જપ્તીમા લેવામા આવેલી નથી કે અવલ જપ્તીમા લેવા અંગે કોઈપણ પ્રકારની નોટીસ અમો વેચાણ આપનારાને આજદિન સુધી મળેલી નથી કે બજી નથી. તેમજ સદરહુ જમીન કે તેનો કોઈપણ ભાગ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમા નથી કે તે અંગે કોઈ નોટીસ અમોને આજદિન સુધી મળેલી નથી કે નીકળેલી નથી. તેમજ સદરહુ જમીનમા હાલ કોઈ ગણોતીયો કે ભાડુઆત નથી. તેમજ તેના ઉપર કોઈ ગણોતીયાનો કે ભાડુઆતનો હકક, દાવો લાગુ પડતો નથી કે તેમા કોઈ ઓરડી કે ઝુંપડી નથી. તેમજ સદરહુ જમીન વેચાણ કે ટ્રાન્સફર કરવા સામે

AHD-08-SLA
918 | 16 | 54
2014

કોઈપણ કોર્ટ કચેરીનો મનાઈહુકમ નથી. તેમજ સદરહુ જમીનમા અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બોજો કે ખોરાકી, પોષાકી કે રહેઠાણ અંગેનો હકક નથી કે તેમા કોઈનોપણ ઈઝમેન્ટનો હકક પોષાતો નથી તથા તેના અમારા માલિકી હકકો સંપુર્ણપણે ચોખ્ખા અને વેચાણપાત્ર છે અને અમોએ તેને બોજામા મુકી નથી તથા એવુ કાંઈ કર્યુ નથી કે જેનાથી અમારા ચોખ્ખા માલિકી હકકોને અસર થાય. તેમજ અમારી આ જમીન વેચાણ કે ટ્રાન્સફર કરવા અંગે આ આગાઉ અમોએ અન્ય કોઈને કોઈપણ પ્રકારના ખાનગી કે નોંધાયેલા કરાર, બાનાખત, બાનાચિઠ્ઠી કે અન્ય કોઈપણ પ્રકારના લખાણ કરી આપેલા નથી. તેમજ અમો કોઈના જામીન થયા નથી. તેમજ અમોએ કોઈ સોલવન્સી મેળવેલી નથી. આમ આ રીતે સદરહુ જમીનના અમો વેચાણ આપનારાના માલિકી હકકો સંપુર્ણપણે ચોખ્ખા અને વેચાણપાત્ર છે.

વધુમા અમો જણાવીએ છીએ કે સદરહુ જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર અમો વેચાણ આપનારાએ આજદિન સુધી કોઈપણ સરકારી, અર્ધસરકારી કચેરીઓમાંથી, કોઈપણ વ્યકિત કે સંસ્થા પાસેથી, બેંક કે પેઢી પાસેથી, કોઈપણ સહકારી મંડળી પાસેથી કે અન્ય કોઈપણ જગ્યાએથી કોઈપણ પ્રકારની લોન લીધી નથી. તેમજ સદરહુ જમીન અમોએ કોઈનેપણ ત્યાં ગીરો, લીયન કે ચાર્જમા મુકેલી નથી.

હવેથી સદરહુ નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીન વેચાણ લેનાર ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતોવખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, ઈત્યાદીના કબજા ભોગવટામા આ વેચાણ દસ્તાવેજના આધારે આવી છે, જેથી તેમાં હવે વેચાણ આપનાર તથા તેમના વંશવાલી, વારસો ઈત્યાદીનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો રહયા નથી, જેથી વેચાણ આપનાર કે તેમના વંશવાલી વારસો ઈત્યાદી કોઈપણ રીતે વેચાણ લેનારને હરકત કે અટકાયત કરીશુ નહી. આમ છતાં કોઈ તેવી હરકત કે અટકાયત કરશે કે હકક દાવો કરતાં આવશે, તો તે તમામ જવાબદારીઓ તથા જોખમદારીઓનો જવાબ, નુકશાની અને ખર્ચ અમો વેચાણ આપનાર અને તેમના વંશવાલી વારસો પોતાની જાત તથા હરેક મિલ્કતથી વેચાણ લેનારને આપીશુ.

સદરહુ જમીન તમો બીજીતરફવાળા આ વેચાણ દસ્તાવેજના આધારે

AHD-08-SLA
918 | 17 | 54
2014

તમામ સરકારી અર્ધસરકારી કચેરીઓના રેકર્ડમા તમારા નામે ચઢાવી લેશો અને તેમા અમો વેચાણ આપનારની સહી, સાક્ષી, કબુલાત, જવાબ, સોગંદનામું, બોન્ડ વિગેરેની જરૂર પડે તો તે અમો વેચાણ આપનાર કરી આપીશુ.

વેચાણ આપનાર આથી વધુ ખાત્રી અને બાંહેધરી આપે છે કે નીચે પરિશિષ્ટમા વર્ણવેલી વેચાણ આપેલી જમીન અંગે કોઈપણ શખ્સ વારસાઈ કે ગીરો, વેચાણ અગર ખોરાકી, પોષાકી કે રહેઠાણ ઈત્યાદીનો હકક અને દરદાવો કરે તો તેને લીધે વેચાણ લેનાર ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતોવખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, તથા તેમના વંશવાલી વારસોને થતો હરેક પ્રકારનો ખર્ચ અને નુકશાનીનો જવાબ વેચાણ આપનાર અને તેમના વંશવાલી વારસો આપશે.

વેચાણ આપનાર આથી વધુ ખાત્રી અને બાંહેધરી આપે છે કે સદરહુ નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીનના અમારા ટાઈટલ્સ તદ્દન ચોખ્ખા અને મારકેટેબલ છે અને સદરહુ જમીન તદ્દન બીનજોખમી અને નકરજી છે અને તે પરત્વે વેચાણ આપનાર સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો કે અલાખો નથી અને તેવો પાકો ભરોસો અને વિશ્વાસ વેચાણ આપનારે વેચાણ લેનારને આપી સદરહુ અવેજના નાણાં ચુકતે લઈ સદરહુ જમીન અમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી છે અને તેનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો બીજીતરફવાળાને સોંપ્યો છે.

આ વેચાણ દસ્તાવેજથી અમોએ તમોને વેચેલી જમીન સંપુર્ણપણે ચોખ્ખી, બોજારહીત અને વેચાણપાત્ર છે. તે જમીનની આજદિન સુધીની તમામ પ્રકારની સરકારી તથા ખાનગી જવાબદારી અમારી છે અને રહેશે. હાલમાં આ જમીનનો રેવન્યુ તથા રજીસ્ટ્રેશન રેકર્ડ અમારી ચોખ્ખી માલીકી દર્શાવે છે. હવે પછી સરકાર દ્વારા કોઈપણ કાયદા નીચે આજરોજ સુધીની પરિસ્થિતિ તથા વ્યવહારો/કાર્યવાહીઓ/હુકમો વિગેરે અંગે કોઈપણ પ્રકારના પ્રોસીડીંગ્સ શરૂ થાય તો તે અંગેની તથા તેના પરિણામ અંગેની, તેના સમાધાન અંગેની વિગેરેની તમામ જવાબદારી અને લાયેબીલીટી અમો વેચાણ આપનારની રહેશે. તે અંગે અમો તમોને કોઈ નુકશાન થવા દઈશુ નહીં.

વધુમાં સદરહુ જમીનના વેચાણ હકકો ટાઈટલ્સ પુરવાર કરવા માટે

AHD-08-SLA
918 | 18 | 54
2014

કાયદેસર જે જે લેખો, કાગળો, ખાત્રીઓ, સહીઓ, ચીજો, એફીડેવીટો, બોન્ડો વિગેરેની વખતો વખત વેચાણ લેનારને કે તેમના મુખત્યારોને, કાર્યકર્તાઓને, વકીલોને ઈત્યાદીને જયારે જયારે અને જયાં જયાં જરૂર પડે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં તેવા લેખો, કાગળો, ખાત્રીઓ, સહીઓ, ચીજો, એફીડેવીટો, બોન્ડો વિગેરે વેચાણ આપનાર વેચાણ લેનારની વિનંતીથી કરી આપશે.

સદરહુ નીચે પરિશિષ્ટમા વર્ણવેલી જમીન અંગે તેના લાગતા વળગતા તમામ હકકો જેવા કે પાડોશ હકક, તેને લગતા રસ્તાના હકકો, પાણીના નીકાલના હકકો વિગેરેનો ઉપયોગ તથા ઉપભોગ વેચાણ લેનાર ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતોવખતના ભાગીદારો, વહીવટકર્તાઓ તથા તેમના વંશવાલી વારસો, ઉત્તરાધીકારીઓ, સકસેસરો, એસાઈનીઓ, નોકરો, કોન્ટ્રાકટરો, એજન્ટો વિગેરે તેમના હરેક કામો માટે હરેક પ્રકારે કરી શકે છે અને તેવા તમામ હકકો આ વેચાણ દસ્તાવેજથી અમોએ તમોને વેચાણ આપેલા છે. સદર હકકોમા નળ, ગટર, તાર, ટેલીફોન તથા ઈલેકટ્રીક લાઈનના દોરડા, થાંભલા વિગેરે લાઈનો લાવવા લઈ જવાના કામોનો તથા સુખાધીકારોનો પણ સમાવેશ થાય છે.

સદરહુ જમીનની આજુબાજુની જમીનમા બાંધકામ થઈ ગયેલા છે અને આ જમીનનો ઘણોજ વિકાસ થયેલો છે. જો જમીન બીનવપરાશી રાખી મુકીએ અને તેમા કોઈ અનધિકૃત પ્રવેશ કરે, તો તે વેડફાઈ જાય તેમ છે તથા કોર્ટ કાર્યવાહીઓ કે દાવામાં ઉતરવું પડે તેમ છે અને જમીન હતી ન હતી તેમ થઈ જાય તેમ બને. હાલમાં આ જમીનની સારી વેચાણ કિંમત આવે છે. આ ઉપરાંત આ જમીનની આનાથી વધારે વેચાણ કિંમત ઉપજી શકે તેમ નથી અને આ કિંમત વ્યાજબી બજાર કિંમત છે. તેમાંથી સર્વે સભ્યોનુ ભરણપોષણ તથા બાળકોનુ શિક્ષણ વિગેરે થઈ શકે તેમ છે. વળી અમારે કુટુંબના નિભાવ તથા ભરણપોષણ કરવા નાણાંકીય જરૂરીયાત છે. આ સંજોગોમા બેનીફીટ ઓફ એસ્ટેટ તથા લીગલ નેસેસીટીના હેતુ સારુ અમો અમારા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર તરીકે કુટુંબના શ્રેષ્ઠ હિતમા તથા કુટુંબના તમામ સભાસદોના શ્રેષ્ઠ હિતમા કર્તા અને મેનેજર તરીકે શુધ્ધબુધ્ધિપૂર્વક સદરહુ જમીન અમોએ તમોને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે.

ગામ મોજે જગતપુરના સર્વે નંબર-૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેનો સમાવેશ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ

AHD-08-SLA
918 | 19 | 54
2014

નંબર-૬૫(ત્રાગડ-જગતપુર-ચાંદખેડા-ચેનપુર- રાણીપ)(રીવાઈઝડ) માં થતા તેને ફાઈનલ પ્લોટ નંબર-૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલી છે. ભવિષ્યમાં સદરહુ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૬૫(ત્રાગડ-જગતપુર-ચાંદખેડા-ચેનપુર- રાણીપ)(રીવાઈઝડ) માં ફેરફાર કરવામાં આવે અને જો ફાઈનલ પ્લોટ નંબર-૧૧૪/૧ ની જગ્યાએ અન્ય કોઈ ફાઈનલ પ્લોટ ફાળવવામાં આવે તથા તેના ક્ષેત્રફળમા જો કોઈ વધારો કે ઘટાડો થાય, તો તે રીતેની જમીન અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે, તેમ જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં તે અંગે કોઈ કબુલાત, સંમતી વિગેરે આપવા અંગે જે કોઈ લેખો કરી આપવા પડે તે અમો એકતરફવાળાએ વધુ કોઈજ અવેજ માંગ્યા/લીધા શીવાય કરી આપવાના છે અને તેમા અમો એકતરફવાળાએ અમારી સહીઓ આપવાની છે, તેવી સ્પષ્ટ ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને આપીએ છીએ.

અમો વધુમાં જણાવીએ છીએ કે સદરહુ જમીનના અમો વેચાણ આપનારાના ટાઈટલ્સ ચોખ્ખા અને મારકેટેબલ તથા બીનબોજાના હોવા બદલનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા અંગે વાંધા મંગાવતી જાહેર નોટીસ મેસર્સ જાની એન્ડ કંપની સોલીસીટર્સ, અમદાવાદનાએ અમદાવાદથી પ્રસિધ્ધ થતાં દૈનિકપત્ર 'ગુજરાત સમાચાર' માં તારીખ ૧૩-૧૧-૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધ કરાવેલી. આ જાહેર નોટીસ સામે કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ મેસર્સ જાની એન્ડ કંપની, સોલીસીટર્સ, અમદાવાદનાને કે અમો વેચાણ આપનારાને આજદિન સુધી મળેલા નથી.

સદરહુ જમીન ગુજરાત સરકારે બહાર પાડેલા અશાંત વિસ્તારના નોટીફીકેશનમા આવતી નથી. આ જમીન જગતપુર વિસ્તારમા આવેલી છે, તે વિસ્તાર શાંત વિસ્તાર છે અને અશાંત વિસ્તાર નહતો અને નથી. તેથી સદરહુ જમીનના વેચાણ અંગે અશાંત વિસ્તાર મિલ્કત તબદીલી ધારા નીચે સરકારશ્રીની કોઈજ મંજુરી મેળવવાની જરૂર નથી, તેની અમો એકતરફવાળા ખાત્રી આપીએ છીએ.

આ વેચાણ દસ્તાવેજ ઉપર પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અનુસાર ૪.૯૦ % લેખેનો રૂા.૫,૬૩,૫૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ ત્રેસઠ હજાર પાંચસો (રાઉન્ડ ફીગરમાં ગણત્રી કરતાં) પુરાનો સ્ટેમ્પ વાપરેલો છે.

AHD-03-SLA
918 | 20 | 54
2014

અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આજરોજ સદરહુ જમીન અંગેના તમામ અસલ દસ્તાવેજો, કાગળો, ઝેરોક્ષો, પહોંચો વિગેરે સોંપેલા છે.

આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પડયુટી, રજીસ્ટ્રેશનફી, વકીલફી, લખામણી ખર્ચ, ટાઈપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમામ ખર્ચ બીજીતરફવાળાએ ભોગવેલો છે.

પરિશિષ્ટ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૮(સોલા) ના તાલુકા અમદાવાદ શહેર–પશ્ચિમના ગામ મોજે જગતપુરના સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૬૫(ત્રાગડ–જગતપુર–ચાંદખેડા–ચેનપુર–રાણીપ)(રીવાઈઝડ) માં ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન ફાળવવામાં આવેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટ નંબરની બીનખેતી થયેલી જમીન.

સર્વે નંબર–૧૫/અ/૨ ની ૨૮૮૬ ચોરસમીટર જમીનના ખુંટની વિગત.

પુર્વે :– સર્વે નંબર–૧૫/બ.
પશ્ચિમે :– રેલ્વે માર્જીન.
ઉત્તરે :– સર્વે નંબર–૪૦ તથા જગતપુર–ત્રાગડનો સીમાડો.
દક્ષિણે :– સર્વે નંબર–૧૮.

ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૧ ની ૧૭૩૧ ચોરસમીટર જમીનના ખુંટની વિગત.

પુર્વે :– ફાઈનલ પ્લોટ નંબર–૧૧૪/૨.
પશ્ચિમે :– ૪૦ ફુટનો રોડ.
ઉત્તરે :– એ.એમ.સી. ગાર્ડન.
દક્ષિણે :– ફાઈનલ પ્લોટ નંબર–૧૧૮ તથા ૧૨ મીટરનો રોડ.

(નોંધ :– આ વેચાણ દસ્તાવેજથી અમોએ તમોને ઉપર લખેલા સર્વે નંબરની ૨૮૮૬ ચોરસમીટર યાને ફાઈનલ પ્લોટની ૧૭૩૧ ચોરસમીટર

AHD-08-SLA
918 | 21 | 54
2014

જમીન વેચાણ આપેલી છે. ૭/૧૨ માં ટી.પી. સ્કીમ મુજબ મળેલા ફાઈનલ પ્લોટનુ ક્ષેત્રફળ દર્શાવી તેને સુસંગત કરાયેલા ના હોઈ ૭/૧૨ મુજબની સર્વે નંબરની ૨૮૮૬ ચોરસમીટર જમીનમાં તમો તમારૂ નામ દાખલ કરાવવા હકકદાર છો તથા અમારૂ નામ કમી કરાવી શકો છો.હકીકતે તફાવતવાળી સર્વે નંબરની ૧૧૫૫ ચોરસમીટર જમીન સૂચીત ટી.પી. કપાતની જમીન છે.)

એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ અમારી રાજીખુશીથી, વાંચી, સમજી, વિચારીને, અકકલ હોંશીયારીથી, તનમનના સાવધપણામા, કોઈના કોઈપણ જાતના દબાણ કે લાગવગ વગર, બીનકેફે, તંદુરસ્ત સ્થિતીમા, અમદાવાદ મુકામે કરી આપેલો છે, જે અમો એકતરફવાળાને તથા અમારા વંશવાલી, વારસો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૪ ના રોજ શહેર અમદાવાદ મધ્યે

એકતરફવાળા – વેચાણ આપનાર

(૧) રામસંગ ગોકળજી ઠાકોર
(શ્રી રામસંગ ગોકળજી ઠાકોર)

શ્રી ....
દાખલ ....
રૂબરૂમાં .... એરપોર્ટ

(૨)----------------
(કાળીબેન ઉર્ફે વિમુબેન તે ગોકળજી ડાહયાજી ઠાકોરના દીકરી તે લક્ષ્મણજી ઉર્ફે લખાજી ગલાબજી ઠાકોરના સીધવા પત્ની)

(૩) બાબુજી વરવાજી ઠાકોર
(શ્રી બાબુજી વરવાજી ઠાકોર)

બાબુજી વરવાજી ઠાકોર

:: ૨૨ ::

AHD-08-SLA		
918	22	54
2014		

(૪)______________

(શ્રી મફાજી ગોકળજી ઠાકોર)

(૫)______________

(જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની)

(૬)______________

(સજનબેન અમરસંગ ગોકળજી ઠાકોરના દીકરી તે સુરેશજી છનાજી ઠાકોરના સીધવા પત્ની)

(૭)______________

(શ્રી ભરતજી અમરસંગ ઠાકોર)

(૮)______________

(શ્રી અશોકજી અમરસંગ ઠાકોર)

સર્વે પોતે જાતે તથા (જયાં લાગુ પડતુ હોય ત્યાં) પોતપોતાના હીન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર તરીકે,

AHD-08-SLA
918 | 23 | 54
2014

તેઓએ પોતપોતાની સહી–અંગુઠા નીચે સહી કરનારા
બે સાક્ષીઓની રૂબરૂમાં કરેલી–કરેલા છે.

(૧) અરવિંદકુમાર ઠાકોર

(૨) [illegible]

[illegible] ઠાકોર

:: ૨૪ ::

AHD-08-SLA
918 | 24 | 54
2014

એકતરફવાળા – વેચાણ આપનાર	ફોટોગ્રાફ	અંગુઠાની છાપ

(૧)

(શ્રી રામસંગ ગોકળજી ઠાકોર)

શ્રી ... ડાબા / જમણા
હાથના અંગુઠાનું નીશાન ...
કબુલ્યું છે.



(૨)

(કાળીબેન ઉર્ફે વિમુબેન તે ગોકળજી [illegible] ઠાકોરના [illegible] તે લક્ષ્મણજી ઉર્ફે લખાજી ગલાબજી ઠાકોરના સીધવા પત્ની)

(૩) બાબુજી વરવાજી ઠાકોર

(શ્રી બાબુજી વરવાજી ઠાકોર)

AHD-08-SLA
918 | 25 | 54
2014

એકતરફવાળા – વેચાણ આપનાર ફોટોગ્રાફ અંગુઠાની છાપ

(૪)
(શ્રી મફાજી ગોકળજી ઠાકોર)

(૫)
(જયાબેન તે અમરસંગ ગોકળજી ઠાકોરના વિધવા પત્ની)

સજનબેન અમરસંગ
(૬)
(સજનબેન અમરસંગ ગાકળજી ઠાકોરના દીકરી તે સુરેશજી છનાજી ઠાકોરના સીધવા પત્ની)

AHD-08-SLA
918 | 26 | 57
2014

એકતરફવાળા – વેચાણ આપનાર **ફોટોગ્રાફ** **અંગુઠાની છાપ**

(૭) ભરતજી અમરસિંહ ઠાકોર

(શ્રી ભરતજી અમરસંગ ઠાકોર)

(૮) અશોકજી અમરસીંગ ઠાકોર

(શ્રી અશોકજી અમરસંગ ઠાકોર)

સર્વે પોતે જાતે તથા (જયાં લાગુ પડતુ હોય ત્યાં) પોતપોતાના હીન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર તરીકે,

AHD-08-SLA
918 | 27 | 54
2014

<u>બીજીતરફવાળા – વેચાણ રાખનાર</u> <u>ફોટોગ્રાફ</u> <u>અંગુઠાની છાપ</u>

(૧)

("મનશ્રી બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી હેમંતકુમાર સતિષચંદ્ર ઠકકર)



(૨)

("મનશ્રી બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી દિપેન જગજીવનભાઈ સતાણી)

AHD-08-SLA
::२८:: 918 | 28 | 54
2014

REGISTRAR AHMEDABAD

<u>વેચાણ આપેલી જમીનના ફોટોગ્રાફ</u>

<u>એકતરફવાળા – વેચાણ આપનાર</u>

(૧) ____________________
(શ્રી રામસંગ ગોકળજી ઠાકોર)

<u>બીજીતરફવાળા – વેચાણ રાખનાર</u>

(૧) ____________________
("મનશ્રી બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી હેમંતકુમાર સતિષચંદ્ર ઠકકર)

AHD-08-SLA
918 | ૨૯ | ૫૪
2014

વેચાણ આપેલ જમીનના ફોટોગ્રાફ

એકતરફવાળા – વેચાણ આપનાર

(૧) ____________________

(શ્રી રામસંગ ગોકળજી ઠાકોર)

બીજીતરફવાળા – વેચાણ રાખનાર

(૧) ____________________

("મનશ્રી બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી હેમંતકુમાર સતિષચંદ્ર ઠક્કર)